મિડ-ડે
Regd. No. MH/BYW 419 ▪ વર્ષ ૩ ▪ અંક : ૧૫૮ ▪ મુંબઈ, સોમવાર, તા. ૧૧ ઑગસ્ટ, ૧૯૯૭ ▪ પાનાં ૧૬ ▪

# માનસિક વિકલાંગોની વહારે વડી અદાલત

બોરીવલીમાં આવેલા શ્રદ્ધા રિહેબિલિટેશન ફાઉન્ડેશન સામે તાજેતરમાં સ્થાનિક રહેવાસીઓએ વડી અદાલતમાં કેસ કર્યો. શ્રદ્ધા ફાઉન્ડેશન છેલ્લાં દસ વર્ષથી રસ્તે રઝળતા શારીરિક અને માનસિક વિકલાંગોની સેવા કરે છે. કોઈ કિશોર ઘરેથી ભાગી ગયો હોય અથવા કોઈ યુવતી ફિલ્મોમાં કામ કરવા મુંબઈ આવી હોય અને છેવટે કંગાળ બની ફૂટપાથ ઉપર આવી જાય, બીમારીઓનો ભોગ બની જાય તો 'શ્રદ્ધા' તેની વહારે ધાય છે. મહાનગરની ફૂટપાથ ઉપર ફેંકાઈ ગયેલા આ પ્રકારના માનવભંગારને બોરીવલીની હૉસ્પિટલમાં લાવી સારવાર આપવામાં આવે છે અને તેઓ સાજા થાય ત્યારે તેમને ઘરભેગા કરવામાં આવે છે. છેક નાગાલૅન્ડ જેવા દૂરના પ્રદેશમાંથી શહેરમાં આવી ચડેલા અને દરિદ્રતાનો શિકાર બની ગયેલા કમનસીબ માનવોને પણ શ્રદ્ધાએ મદદ કરી છે. તેમના પુનર્વસન કેન્દ્રમાં આજ સુધી ૫૦૦ દર્દીઓને સારવાર આપીને સાજા કરવામાં આવ્યા છે.

થોડા વખત અગાઉ બોરીવલીના રહેવાસીઓએ એવી ફરિયાદ કરી હતી કે શ્રદ્ધા પુનર્વસન કેન્દ્રમાં માનસિક રોગીઓને રાખવામાં આવે છે તેનાથી અમને ત્રાસ થાય છે. તેમને અહીં આવતા રોકવા જોઈએ. આ ફરિયાદ તેમણે વડી અદાલતમાં કરી હતી. વડી અદાલતે ફરિયાદનો અભ્યાસ કરી એવો ચુકાદો આપ્યો છે કે શારીરિક વિકલાંગોની જેમ માનસિક વિકલાંગોને પણ સારવારનો એટલો જ અધિકાર છે માટે શ્રદ્ધા ફાઉન્ડેશનની હૉસ્પિટલમાં માનસિક વિકલાંગ દર્દીઓને યોગ્ય સારવારથી વંચિત રાખી શકાય નહિ. બોરીવલીના રહેવાસીઓએ એવી દલીલ કરી હતી કે શ્રદ્ધા પાસે મેન્ટલ હૉસ્પિટલનું લાઇસન્સ નથી. તેના જવાબમાં કોર્ટે રાજ્ય સરકારને આદેશ આપ્યો છે કે તેઓ શ્રદ્ધા પુનર્વસન કેન્દ્રના નિરીક્ષણ માટે એક સમિતિની નિમણૂક કરે અને ત્યાર પછી યોગ્ય જણાય તો તેમને જરૂરી લાઇસન્સ આપે, પણ મનોરોગીઓને મળતી સવલત ચાલુ રહેવી જોઈએ. સમાજમાં જ્યારે મનોરોગીઓ ચારે બાજુથી હડધૂત થઈ રહ્યા છે ત્યારે વડી અદાલતે તેમનો પક્ષ લઈ શ્રદ્ધાની માનવતાની જ્યોતને પ્રજ્વલિત રાખવાનું કામ કર્યું છે.